# સમાજ સુધારક કવિવર નર્મદ

ચૌધરી વિરેન્દ્રકુમાર રામજીભાઈ
બાસણા તા. વિસનગર જી. મહેસાણા

## ૧. પ્રસ્તાવના

નર્મદનગરી એવું નામ જેને લીધે પડયું છે. એવા કર્મવીર તેમજ સમગ્ર ગુજરાતીઓના હ્રદયમાં ગુજરાતની અસ્મિતા અમર કરનાર કવિવર નર્મદ (નર્મદાશંકર લાલશંકર દવે) નો જન્મ ૨૪મી ઓગષ્ટ ૧૮૩૩ ના રોજ ગુજરાતના સુપ્રસિદ્ધ શહેર સુરત મુકામે વડનગરા નાગર બ્રાહ્મણ જ્ઞાતિમાં થયો હતો. તેમનું જીવન એટલે આંધી, તુફાન, ઝંઝાવાત, દરિદ્રતા અને એકલતાથી ભરેલું હતું. તેમ છતાં ડગલું માંડયું કે ના હટવું - ના હટવું અને આમ અંતર્મુખ બની ચૂપ બેસવામાં નહી માનનારા નર્મદે પ્રેમ, શૌર્ય અને સુધારાને પોતાનો જીવનમંત્ર બનાવી ૧૯ મી સદીના કોશકાર (નર્મકોશ-૧૮૭૩) ગદ્યકાર (નર્મગદ્ય-૧૮૬૫), નિબંધકાર, નાટયકાર (બાલકૃષ્ણ વિજય-૧૮૮૬) તથા શ્રેષ્ઠ સમાજ સુધારક તરીકે ગુજરાતમાં અદ્વિતિય સ્થાન ધરાવે છે. “વીર નર્મદ” તથા “અર્વાચીનોમાં આદ્ય” નું બિરૂદ પ્રાપ્ત કરનાર કવિ નર્મદ ગુજરાતી સાહિત્યમાં ભક્તિયજગ (દયારામના અંત) થી અર્વાચીન યુગને જુદો પાડનાર પ્રથમ વિરાટ પ્રતિભારૂપે પ્રગટયો, અને અવિસ્મરણીય સીમાચિહ્ન સ્થાપી ગયો. આવનારો સમય કેવો હશે તેની ભવિષ્યવાણી ભાખીશકતો “સમય મૂર્તિ” નર્મદ જ્યારે પાશ્ચાત્ય સંસ્કૃતિનો હિંદને સ્પર્શ થયો ત્યારે પ્રત્યેક નવા સંસ્કાર અને કેળવણીના સૂર પોતાનામાંથી છોડયા હતા. પાશ્ચાત્ય અને પૌર્વાત્ય બન્નેના એકીકરણની અસર પોતાના પર ઝીલી વર્ષો સુધી ગુજરાતમાં નૂતન સંગીત રેલાવવું તે આ કવિ સાહિત્યકાર અને સમાજ સુધારક મહાપુરૂષના જીવનનું એક મોટું ધ્યેય હતું.

## ૨. સમાજ સુધારક એટલે શું ?

સમાજ સુધારક એટલે સમાજમાં પ્રસરી ગયેલ કુરિવાજો, વહેમો, અંધશ્રદ્ધા, કુટેવો કે સામાજીક કમજોરીઓ બહાર કાઢીને સમાજ સર્વગુણ સંપન્ન બને, સંગઠિત અને જાગૃત બને, તથા તે દિશામાં ખરો સુધારો કરાવી સમાજ પોતાની શક્તિથી ખડો થાય અને સમાજનો દરેક વ્યક્તિ પોતે પોતાના પગ પર ઉભો થઈ આગે કદમ માંડી પ્રગતિ કરી શકે, સ્વમાન ભેર જીવન જીવી શકે તેવી યોગ્ય દિશા સૂચન કરનાર વ્યક્તિને સમાજ સુધારક કહેવામાં આવે છે.

## ૩. નર્મદ પહેલાંનું સુરતનું સામાજીક વાતાવરણ

૧૯ મી સદીની ત્રીજી પચીસીમાં સુરતમાં બ્રાહ્મણ, વાણિયા, રાજપૂત, કડિયા, સુથાર, ધોબી, વાળંદ, બ્રહ્મક્ષત્રી, ભરવાડ, ભાડ, ભૂંજા, ભાટિયા, માછી, માળી, સોની, કંદોઈ, મોચી વગેરે જેવી ૨૦૭ જ્ઞાતિ હતી.

નર્મદ પહેલાંની સામાજીક સ્થિતિ અંધકારમય હતી. સમાજમાં સ્થિતિ સ્થાપકતા, ઘર કરી ગઈ હતી. રૂઢિચુસ્ત માનસ, અતિમર્યાદિત દષ્ટિ, કૂપમંડુકતા, અંધશ્રદ્ધા, ભય, કૂસંપ, વહેમ, આંતરિક વેરઝેર, અસ્પૃશ્યતા, બાળલગ્ન તથા સમાજની જોહુકમી સમાજ – શરીરને કોરી ખાતાં હતાં. દૂધપીતી કરવાનો અને સતીપ્રથાનો રિવાજ, (રાજપૂત-પાટીદારોમાં) વિદેશ ગમન (સમુદ્રમંથન), પાપ ગણાતું, માટીના વાસણોમાં જમવાનો નિષેધ, પ્રસૂતા સ્ત્રી અને શબના સ્પર્શ માટે નિયમો પ્રચલિત હતા. હિંદુ સમાજમાં કન્યા પક્ષની સ્થિતિ અત્યંત દયાજનક હતી. કન્યાનો પિતા ઉચ્ચ (સુખી) કુટુંબના પુરૂષ સાથે લગ્ન કરાવવા તત્પર રહેતો. જેના કારણે બહુપત્નીત્વ પ્રથા પ્રચલિત બનતી દશ-બાર વર્ષની કન્યાને લગ્નગ્રંથીથી જોડાવું પડતું. પુત્રીનો જન્મ દહેજ પ્રથાને કારે આપત્તિરૂપ ગણાતો. જેના કારણે દિકરીનો પિતા ઓશિયાળો ગણાતો. શિક્ષણનું પ્રમાણ નહિવત હતું. વળી અધુરામાં પુરૂ મુશલમાન અને મરાઠાઓનો ત્રાસ, દુષ્કાળ, આગ (૧૮૦૦-૧૮૧૮) જેવી કુદરતી મહામારીઓ વચ્ચે પ્રજા ઝુરી રહી હતી.

## ૪. નર્મદે કરેલા સુધારાઓ

નર્મદ ઈ.સ. ૧૮૪૦ થી ૧૮૬૦ ના ગાળાને સુધારાનો બોધકાળ કહે છે. સમાજ સુધારો નર્મદનું પ્રધાન લક્ષ હતું. સુરતના આ આદિ કવિ યુવા અવસ્થામાં પાશ્ચાત્ય ઢબના તથા પ્રૌઢ અવસ્થામાં ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબના સુધારાના પુરસ્કર્તા હતાં. નર્મદે ગુજરાતમાં પુનઃવિવાહ શરૂ કરવા ૧૮૫૧માં 'બુદ્ધિવર્ધક સભા' (સંસ્થા) અને 'જ્ઞાનસાગર' નામના સામાયિકની નિડર તંત્રી તરીકે કામગીરી બજાવી. તેઓ ૧૮૫૧ થી ૧૮૫૪ ના સમયગાળા દરમ્યાન સુરત રહયા તે સમયે 'સ્વદેશી હિતેચ્છું' મંડળી સ્થાપી. તેમણે ૭ જુલાઈ ૧૮૬૦ માં શિક્ષકની નોકરી છોડી તત્વશોધક સભાની સ્થાપના મુંબઈમાં કરી. તેમણે ભ્રષ્ટાચારને ખુલ્લો પાડવા તેમજ દંભ અને જુઠાણાને કાયમી માટે તિલાંજલી આપવા સપ્ટેમ્બર ૧૮૬૪ માં 'દાંડિયો' પાક્ષિક દ્વારા કલમ ચલાવી સમાજ સુધારા ક્ષેત્રે મહત્વની કામગીરી બજાવી. જેની અસર સમાજ સુધારા પર વિશેષ પડી. નર્મદે પોતાના વકતવ્ય, કાવ્યો, લખાણો, તથા સભાઓ ભરી સમાજ સુધારા ઉપરાંત લોકોમાં સ્વદેશાભિમાનની ભાવના જાગૃત કરી. સુરતના નાગર બ્રાહ્મણ શ્રીમાનનું સિંહાચાર્ય ભારતીય સંસ્કૃતિના પ્રખર પુરસ્કર્તા હતા. તેમણે સુરતમાં શરૂ કરેલ વનિતા વિશ્રામમાં શારિરીક, બૌદ્ધિક, તથા આધ્યાત્મિક કેળવણીના નિશ્રિત કરેલા મોટા ભાગના નિયમો આ આશ્રમમાં પળાતા-નૃસિહાચાર્ય સ્ત્રી કળવણી તથા સ્ત્રી ઉન્નતિને ખાસ મહત્વ આપેલ. તેમણે શરૂ કરેલ "શ્રેયસ સાધક અધિકારી મંડળ" માં હિન્દુઓ ઉપરાંત જૈન, બોદ્ધ, મુસ્લિમ, પારસી, ખ્રિસ્તી વગેરે પણ જોડાયા. નર્મદે પણ આ સંસ્થામાં જોડાઈ પ્રસંસનીય કામગીરી બજાવી જેના કારણે ભારતીય એકતા અને 'સર્વ ધર્મ સમભાવ' ની ભાવના વધુ પ્રબળ બનાવી.

## ૫. કુરિવાજો

૧૯ મી સદી પહેલાંના સમાજમાં સુરતમાં બાળલગ્ન, સતિપ્રથા, અસ્પૃશ્યતા, વિદેશ ગમન(સમુદ્ર મંથન) પર પ્રતિબંધ, વિધવા પુનઃલગ્ન પર પ્રતિબંધ, વહેમ અને અંધશ્રદ્ધા, દહેજના દૂષણને કારણે બાળકીને દૂધ પીતી

કરવાનો રિવાજ વગેરે જેવા કુરિવાજો પ્રચલિત હતા. આ કુરિવાજો ને હંમેશાની માટે તિલાંજલી આપવા નર્મદે પોતાની કલમ ચલાવી.

### ૫.૧ બાળલગ્ન

૧૯ મી સદી દરમ્યાન મરાઠાઓના આક્રમણોને કારણે ગુજરાતમાં બાળલગ્નનું પ્રમાણ ફુલ્યુ-ફાલ્યુ હતું. સમાજમાં કન્યાનું લગ્ન દશ-બાર વર્ષની કાચી ઉંમરે જ કરી નાખવામાં આવતા. જેને કારણે બાળ મૃત્યુ અને વિધવાનું પ્રમાણ વધતુ જોવા મળ્યું. કન્યાના માતા-પિતા દશ-બાર વર્ષે લગ્ન ન કરાવે તો તેને સમાજમાં ટકવાનો અધિકાર ન હતો. આથી સમાજબાર મુકવાના ડરને કારણે અને કન્યાને સારો મૂરતીયો મળી રહે તેવા વહેમમાં કન્યાના લગ્ન નાની (કાચી) ઉંમરે જ કરાવવામાં આવતા. વળી કન્યાના પિતાએ વર પક્ષને દહેજ પણ મોઢેમાંગ્યું આપવું પડતું. આ બદીને નાબુદ કરવા નર્મદ ઉપરાંત કરશનદાસ મૂળજી, મહીપતરામ રૂપરામ, અને નવલરામ જેવા ઉત્કૃષ્ઠ સમાજ સુધારકોએ સામાયિકો, અને સભાઓમાં ભાષણો દ્વારા ઉત્કૃષ્ઠ કામગીરી બજાવી.

### ૫.૨ વિધવા પુનઃલગ્ન

પુરુષનૂં બને કેમ લગ્ન રે !
વહુ મરી ગયે તે ફરી અરે !
પશુ થકી હમેશું અરે ગયા !
સમજિ નાતરાં તે કરો કહ્યાં.

ગુજરાતમાં વિધવા પુનઃલગ્નની શરૂઆત વણિકોએ કરી અને ૧૮૬૮ માં 'વિધવા પુનઃલગ્ન મંડળ'ની સ્થાપના અમદાવાદમાં કરવામાં આવી હતી. ઈ.સ. ૧૮૫૬ માં બ્રિટિશ સરકારે (કેનિંગે) પુનઃલગ્નનો કાયદો પસાર કર્યો. પરંતુ તેને સાચા રૂપમાં પલટાવવાનો યશ નર્મદને ફાળે જાય છે. નર્મદે ઈ.સ. ૧૮૬૯-૭૦ માં નર્મદગૌરી નામની વિધવા સાથે પત્ની હોવા છતાં ત્રીજીવાર લગ્ન કરી વિધવા પુનઃલગ્નની શરૂઆત કરી. (આ અગાઉ ૧૮૬૦ માં પ્રથમ દિવાળી નામે બ્રાહ્મણી વિધવાનું ગણપત નામે બ્રાહ્મણ સાથે પુનઃલગ્ન કરાવ્યું હતું અને તે વર્ષે વૈષ્ણવોના આચાર્ય જદુનાથજી મહારાજ સાથે ઉગ્રચર્ચામાં ઉતર્યા હતાં). સમાજમાં મોટી ઉથલપાથલ મચાવી દીધી. ત્યારબાદ કરશનદાસ મૂળજીને 'વિધવાવિવાહ' ઉપર નિબંધ લખવા બદલ ઘર છોડવું પડ્યું હતું. અને મહિપતરામે બાઈજડાવ અને લલ્લુભાઈના પુનઃલગ્નમાં આર્થિક સહાય કરી હતી.

### ૬. અન્ય સુધારાઓ

આ સિવાય નર્મદે સ્ત્રી કેળવણી, સ્વદેશાભિમાન, અને વૈધવ્ય ચિત્ર ઉપર સભાઓમાં ભાષણો કર્યા હતાં. લોકો વહેમ અને અંધશ્રદ્ધાના શિકાર ન બને તે માટે (૧૮૬૪) માં ' હિંદુઓની પડતી' નામે પુસ્તક લખી લોકોને સાવધ કર્યા હતા. આમ, નર્મદ આપણો આદ્યયુગ પુરુષ થઈ ગયો. અર્વાચીન યુગની સાહિત્ય કે સામાજીક એવી કોઈપણ પ્રવૃત્તિ બાકી નહી હોય કે જેનાં મંડાણ નર્મદે ન કર્યા હોય.

### ૭. સમાજ સુધારા માટે સાહિત્ય તેમજ અન્ય ક્ષેત્રે પ્રદાન

૧૯ મી સદીમાં ગુજરાતમાં બ્રિટિશ શાસનના આધિપત્ય ને કારણે વિજ્ઞાન, ટેકનોલોજી અને અંગ્રેજી શિક્ષણથી પશ્ચિમી કેળવણીનો આરંભ થયો. (સને ૧૮૫૦માં છોકરીઓની પ્રથમ નિશાળ સ્થપાઇ) જેના કારણે સામાયિકો, દૈનિક વર્તમાનપત્રો, અઠવાડીકો કે અન્ય સાહિત્યો દ્વારા લોકોમાં સારા એવા પ્રમાણમાં જાગૃત્તિ આવી. નર્મદે પણ તે ક્ષેત્રમાં સુધારા વિરોધી માટે સમાજ તેની વિરુદ્ધ હોવા છતાં પ્રસંસનીય કામગીરી બજાવી સમાજ સુધારણામાં મહત્ત્વની ભૂમિકા ભજવી.

નર્મદે 'દાંડિયો' પાક્ષિક સપ્ટેમ્બર ૧૮૬૪માં શરૂ કર્યુ. જેમાં સમાજના અનિષ્ટો પર એવા તો સપાટા લગાવવા માંડયા કે મોટા મોટા અમરબંધીઓ પણ તેનાથી ધ્રુજતા. તેનાથકી જ તેણે ઢોંગ, ધતિંગ, કુરિવાજો, અજ્ઞાનતા અને ભ્રષ્ટાચારીઓને ઉઘાડા  પાડયા. ઈ.સ. ૧૮૫૧માં જ્ઞાનસાગર નામના સાપ્તાહિક દ્વારા સામાજીક ક્ષેત્રે ક્રાન્તિ લાવવામાં તથા 'બુદ્ધિવર્ધક' નામની સંસ્થા સ્થાપી મંડળી મળવાથી તથા લાભ વિશે ભાષણો અને નિબંધો રજુ કરી તેમજ ઈ.સ. ૧૮૫૫ 'સત્ય પ્રકાશ' નામના સાપ્તાહિક દ્વારા સમાજની બદીઓ નાબૂદ કરી તેમજ ૧૮૬૦માં તેમણે સંગઠીત કરવા તત્ત્વશોધક નામની સંસ્થા સ્થાપીત લોકોમાં ખોટો વહેમો દુર કરી સત્ય માટે ઉત્સાહથી સંસોધન કરવાનો પ્રચાર કર્યો. અને ૧૮૬૬માં સુરતની મુખ્તેસર હકીકત પ્રગટ કરી ૧૯ મી સદીના સામાજીક પરિવર્તન માટે ઉપયોગી માહિતી આપવા ગ્રંથ રજૂ કર્યો. વનિતા વિશ્રામમાં પણ જોડાઇ સમાજ સેવાની પ્રસંસનીય કામગીરી કરી. નર્મદે ગુજરાતીઓને ધર્મભાવના પ્રબળ બને તે માટે ઈ.સ. ૧૮૭૦માં રામાયણસાર, મહાભારતસાર, તથા ઈલિયડસાર નામના ગ્રંથો તેમજ ૧૮૮૬માં બાલકૃષ્ણ વિજય નામનું નાટક પ્રકાશીત કર્યુ.  આ સિવાય સુરતમાં અન્ય સાપ્તાહિકોએ પણ સમાજ સુધારણામાં પોતાનો યશકિંચક્ ફાળો આપેલ છે. તેમાં ૧૮૫૦માં શરૂ થયેલ 'સુરત સમાચાર', ૧૮૬૩માં શરૂ થયેલ દિનશા અરદેશનું 'ગુજરાત મિત્ર', ૧૮૭૩માં શરૂ થયેલ મંછારામનું 'દેશી મિત્ર', ૧૮૭૮માં શરૂ થયેલ ઈચ્છારામ સૂર્યરામ દેસાઈનું 'સ્વતંત્રતા' તથા ૧૮૮૮માં શરૂ થયેલ હોરમસજી સેકેટરીનું 'ગુજરાત દર્પણ'. વગેરે જેવા સ્થાનીક સાપ્તાહિકોએ નિડરતાથી સામાજીક બદીઓ ઉઘાડી પાડવાની અને રાષ્ટ્રીય ભાવના જગાડવાની મહત્ત્વની કામગીરી બજાવી. સમાજ સુધારા માટે પાંચ દદ્દા (દુર્ગારામ મહેતા, દાદોબા પાંડુરંગ, દલપતરામ માસ્તર, દિનમણીશંકર શાસ્ત્રી, દામોદરદાસ) અને ત્રણ નન્નાઓ (નર્મદા શંકર, નાનાલાલ, નંદશંકર) એ સમાજ સુધારણાના ઈતિહાસમાં અગ્રપદ શોભાવ્યું છે.

ગુજરાતમાં પ્રાચીન અને મધ્યકાલીન યુગથી સમાજ સુધારણા ક્ષેત્રે સાધુ, સંતો, મહંતો, ધર્મગુરૂઓ અને સમાજ સુધારકો વગેરેની સામાજીક સુધારણા ક્ષેત્રની ખોટ ગુજરાતને ક્યારેય પડી નથી તેનો પ્રવાહ અવિરત ચાલુ રહેવાથી અર્વાચીન સમયમાં કેટલીક સ્વયંસેવિક સંસ્થાઓની સ્થાપના થઈ. તેમણે ૧૯ મી સદીમાં ગુજરાતમાં સમાજ સુધારણા ક્ષેત્રે વિશેષ પ્રદાન કર્યુ છે. તેમાં રાજારામ મોહનરાયની બ્રહ્મો સમાજ, કેશવચંદ્ર સેનની પ્રાથના સમાજ, સ્વામી દયાનંદ સરસ્વતીની આર્ય સમાજ અને કર્નલ આલ્કોટ અને મેડમ બ્લેવેટસ્કીએ

અમેરિકામાં શરૂ કરેલ અને હિંદમાં સમાજ સુધારણા ક્ષેત્રે ફેલાવો કરનાર એનીબેસન્ટની થિયોસોફીકકલ સોસાયટી વગેરે મહત્ત્વની ગણાવી શકાય.

## ૮. નર્મદના વિચારો

જ્યારે સમગ્ર હિંદમાં ૧૯મી સદીમાં પશ્ચિમી સંસ્કૃતિનો પવન ફુંકાયો અને નવા સુધારાના મંડાણ થયાં, ત્યારે નર્મદ પશ્ચિમી કેળવણીનું અનુકરણ કરવામાં અગ્રેસર હતાં. ૧૯મી સદીના ગુજરાતના સમાજ સુધારક તરીકે તે સુધારાના પયગમ્બર બનીને મોખરે ઉભા હતા. સતત પચ્ચીસ વર્ષ સુધી સુધારા માટે લડત કરતા રહયા. યુવાવસ્થામાં પશ્ચિમી વિચાર સરણી ધરાવતા નર્મદ વૃદ્ધાવસ્થામાં ખુદ પસ્તાયા અને આર્ય સંસ્કૃતિ (હિંદ સંસ્કૃતિ) તરફ વળી ગયા. એક સમયનો 'સમયમૂર્તિ' કહેવાતો નર્મદ આવી વિચિત્ર ભૂલ કરે તે કેવી રીતે માની શકાય ?

## ૯. સમાપન

કવિતા, ઈતિહાસ, નિબંધ, કે વાર્તા લખવી એ તો મોટા ગજાની વાત છે. આવી કલા હર કોઈને સુપ્રાપ્ય હોતા નથી. તેમ છતાં આસપાસના અંધકારમય, ઝંઝાવાત અને એકલતા ભર્યા જીવનને દિવ્ય જ્યોત પ્રજ્વલિત કરી આંદોલનોને હૃદયમાં ઝીલી તેમાંથી પ્રતિઘોષ જગવે એ તો કોઈ સત્યનિષ્ઠાવાળો વ્યકિત જ કરી શકે, આવા માણસો ઈતિહાસમાં વિરલ છે. સેંકડો વર્ષો પછી આવો એકાદ નર્મદ પાકે છે. તેણે જે-જે અનુભવ્યું તે મૂર્ત સ્વરૂપમાં રજૂ કર્યું નર્મદનું સુરતમાં હોવું એ એક ગૌરવ ઘટના છે. તેની ટેક, લાલાઈ, સુધાર પ્રવૃત્તિ અને નિડરતાપણું મૂલ્યવાન છે. તે ક્યારેક ગુજરાતીઓને આળસુ અને વિચાર શૂન્ય કહી ઠંડા લોહીના વિધાવિનાના, હઠીલા, ખુશામતિયા, બીકણ, મર્દાઈ વિનાના, કાયર કહે છે. તો ક્યારેક તેમને જગતમાં ઊંચી જાત કહી વખાણે છે. ૧૯મી સદીમાં ગુજરાતમાં બ્રિટિશ શાસનના આધિપત્ય ને કારણે વિજ્ઞાન, ટેકનોલોજી અને અંગ્રેજી શિક્ષણથી પશ્ચિમી કેળવણીનો આરંભ થયો. (સને ૧૮૫૦ માં છોકરીઓની પ્રથમ નિશાળ સ્થપાઈ)

## સંદર્ભ સાહિત્ય


૧. દવે, નર્મદા શંકર લા. (૧૯૭૫). 'નર્મગદ્ય', વડોદરા.
૨. દવે, નર્મદા શંકર લા. 'સુરતની મુખ્તેસર હકીકત', અમદાવાદ.
૩. દેસાઈ, ઈશ્વરલાલ ઈચ્છારામ (૧૯૫૮). 'સૂરત સોનાની મૂરત'
૪. દેસાઈ, નિરા અક્ષયકુમાર (૧૯૮૩). ૧૯ મી સદીમાં સામા.પરિ.,' અમદાવાદ.
૫. દેસાઈ, શાન્તિલાલ મ. (૧૯૭૨). 'રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજ.' અમદાવાદ.
૬. પાઠક ,જયન્ત (૧૯૯૨). 'નર્મદનાં કાવ્યો', અમદાવાદ.
૭. રાજગોર શિવપ્રસાદ, 'ગુજ.નો રાજ. અને સા.ઈતિ.'અમદાવાદ.
૮. વ્યાસ, રજની (૨૦૦૪). 'ગુજરાતની અસ્મિતા', અમદાવાદ.
૯. શાસ્ત્રી, હરિપ્રસાદ અને પરીખ પ્રવિણચંદ્ર (૧૯૮૪). 'ગુજ.નો રાજ. અને સા.ઈતિ.' ગ્રંથ-૮, અમદવાદ.
૧૦. શુકલ, રમેશ મ. (૨૦૦૫). 'નર્મદ શોધ અને સમાલોચન', અમદાવાદ.